સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

થાય સર્વે અને અપાય આંકડા ગણ્યા વિના!
રેકોર્ડબ્રેક પરિણામો તો આવે છે ભણ્યા વિના!
ચણ્યા વિના જ બંધાઈ જાય કારકિર્દીનાં સ્તૂપ -
ભરે ખિસ્સાં સભ્યો ભથ્થાથી, સંસદ ચાલ્યા વિના!

હાઈકુ

મળે છે ફળ
મહેનત વગર -
ઊંચા રિઝલ્ટ!

જરૂર શી છે?
લ્યો ! કરી નાખો હવે
નિશાળો બંધ

ચિંતન

વિના ગોરસં કો રસો ભોજનાનામ્ ?
વિના ગોરસં કો રસો ભૂપતીનામ્ ?
વિના ગોરસ કો રસઃ કામિનીનામ્ ?
વિના ગોરસ કો રસઃ પંડિતાનામ્ ?

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

કવિની શબ્દ રમત પ્રમાણે ગોરસના ચાર અર્થમાં જુદા જુદા ઉપયોગ કરી તેનો પ્રયોગ આ શ્લોકમાં કરવામાં આવ્યો છે. ગોરસના ચાર અર્થ આ મુજબ છે : (૧) દૂધ-દહીં-ગી-માખણને ગોરસ કહેવામાં આવે છે. (૨) ગો એટલે પૃથ્વી જમીનમાં રસ. (૩) ગો એટલે ઈન્દ્રિયોમાં રસ. (૪) ગો એટલે વાણીમાં રસ.

આમ 'ગો' ના ચાર અર્થનો રસિક ઉપયોગ થયો છે. ભોજનમાં ગોરસ-દહી-દૂધ-ઘી માણક વગેરે ન હોય તો ભોજનમાં શો રસ પડે? જ રાજાને જમીન મેળવવામાં રસ ન હોય તો બીજા રસનું શું કામ ? જો સ્ત્રીઓને ઈન્દ્રિયો બાબતમાં રસ ન હોય તો શું કામની ? પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં શબ્દ રમત સાથે સુભાષિતો અને બૌદ્ધિકો બાબતોમાં રસિકતાને પણ વણી લેવામાં આવતી હતી.

સુવિચાર

- વયોવૃદ્ધ, તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ તથા બીજા પણ ગુણીજન, ધનવાનને આંગણે ચાકરની પેઠે ઊભા રહે છે - **નીતિશાસ્ત્ર**
- વેરથી ઉત્પન્ન થયેલી આગ કોઈ પણ પક્ષને સ્વાહા કર્યા વગર કદી શાન્ત થતી નથી - **મહાભારત**
- તમે તમારા મત કે માન્યતા બદલાવ કરવાનું વલણ રાશખો ત્યારે સમજવાનું કે તમને જીતવાનો સાચો મંત્ર મળ્યો છે - **હેરાકલીટ્સ**
- તમે જયારે ખરેખર જિજ્ઞાસુ વિદ્યાર્થી બની જાઓ ત્યારે ત્યાં ઈશ્વર ખુદ તમારો શિક્ષક થઈને ઊભો રહેશે - **ડો. કલામ**
- સો મૂર્ખાઓ મળીને એક ડાહ્યા માણસ બનતો નથી. એમ સો ડરપોકો ભેગા થઈને વીરત્વભર્યો નિર્ણય કરે એ શક્ય નથી - **હિટલર**
- શરીર સાથે તપ અને સંયમથી, આત્મા સાથે જ્ઞાન અને ધ્યાનથી, પરમાત્મા સાથે ભક્તિથી સંબંધ બાંધો - **આચાર્ય અભયદેવસૂરી**
- આજનું ઔષધ : રાઈનો ભૂક્કો મધમાં મેળવી સુંઘવાથી આંખોમાં બળતરા કે આંખમાંથી પાણી બંધ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વિશ્વામિત્રને એકવાર મહર્ષિ વશિષ્ટ પર ખૂબ ગુસ્સો આવ્યો અને એક છરો લઈને તેઓ એક વૃક્ષ પર જઈને બેઠો. જે વૃક્ષની નીચે મહર્ષિ વશિષ્ઠ પોતાના શિષ્યોને ભણાવતા હતા. સાંજે વશિષ્ઠ પેલા વૃક્ષની નીચે બેસી શિષ્યોને ભણાવતા હતા. થોડવારમાં પૂર્વ દિશાના આકાશમાં પૂનમનો ચંદ્ર ઉગ્યો. વિશ્વામિત્ર વિચારતા હતા કે હમણાં આ શિષ્યો જશે અને હું નીચે ઊતરીશ અને વશિષ્ઠની હત્યા કરી દઈશ. તે સમયે એક વિદ્યાર્થીએ ચંદ્ર તરફ જોઈને કહ્યું, 'ચંદ્ર કેટલો સુંદર છે!' એની અંદર કેટલી શીતળતા છે!! ગુરુ વિશષ્ટે ચંદ્ર તરફ જોયું અને કહ્યું, 'જો તમે ઋષિ વિશ્વામિત્રને જુઓ તો આ ચંદ્રને ભૂલી જશો. આજે ચંદ્ર સુંદર જરૂર છે પણ ઋષિ વિશ્વામિત્ર એનાથી પણ સુંદર છે. તેમની અંદર ક્રોધરુપી કલંક ન હોય તો સૂર્યની જેમ ચમકવા લાગે.' વૃક્ષ પણ બેઠેલે વિશ્વામિત્ર ચમક્યા. તે વશિષ્ઠને મારવા માટે બેઠા હતા. અને વશિષ્ટ તેમની પ્રશંગદા કરી રહ્યા હતા. તે એકદમ નીચે ઉતર્યા અને છરો એકબાજુ ફેંકી દીધો. અને વશિષ્ઠના ચરણોમાં પડ્યા અને બોલ્યા 'મને ક્ષમા કરો' વશિષ્ઠે પ્રેમથી તેમને ઉભા કર્યા. 'આજથી તમે મહર્ષિ નહીં પણ બ્રહ્મર્ષિ થયા. મહાપુરુષ ! તમારી અંદર જે ચાંડાળ હતો તે તો નીકળી ગયો છે.' ક્રોધ ઘણી ખરાબ વસ્તુ છે, સવા કરોડ નહિ, સવા અબજ ગાયત્રી મંત્રનો જાપ કરો, એક વખતનો ક્રોધ આખા ફળને ખાઈ જાય છે.

રાજરમત કરતાં રમતગમત પ્રત્યે લક્ષ આપવું જરૂરી

તંત્રીસ્થાનેથી...

ટોકિયોમાં ઓલિમ્પિક ખેસ સ્પર્ધા ચાલી રહી છે જેમાં ભારત અત્યાર લગી ફક્ત બે મેડલ મેળવવામાં સફળ થયું છે, તે પણ ગોલ્ડ નહીં, સિલ્વર અને બ્રોન્ઝ. શું મેડલની યાદી જોતાં કોઈ પણ ભારતીયને વૈશ્વિક સ્તરે પોતાના દેશની સ્થિતિ નામોશીભરી નહીં લાગે? દુનિયાની સૌથી મોટી લોકશાહી અને ઊભરતી આર્થિક મહાસત્તા તરીકે આપણે છાતી ફુલાવતતા ફરીએ છીએ પણ આપણે દુનિયાના ઘણા દેશોની સરખામણીએ શારીરિક કસોટીએ કસતાં નબળા પુરવાર થતા રહ્યા છીએ. ઓલિમ્પિક રમતોત્સવ એ વિશ્વની યુવાન પ્રજાની શારીરિક ક્ષમતાનો જ આડકતરો અહેવાલ બની રહે છે. ભારતનું યુવાધન બૌદ્ધિક સ્તરે દુનિયાની કોઈ પણ પ્રજાને હંફાવી શકે છે એનું વારંવાર આપણા ટેકનોક્રેટ્સ કે તબીબો ઈજનેરો અને વૈજ્ઞાનિકોએ પ્રદર્શન કર્યું છે. ભારતીય સાહિત્ય ભલે નોબેલ યાદીમાં જ સમાવાતું હોય પણ એની સમૃદ્ધ પરંપરા અને સર્જનાત્મકતા વિશે કોઈ શંકા થઈ શકે એમ નથી. એ જ રીતે ભારતીય સેના પણ વિશ્વસ્તરે આગવી પ્રતિષ્ઠા ધરાવે છે. પરંતુ યુવાધન પાસે રમતગમત ક્ષેત્રે જે અપેક્ષા રખાય છે એમાં મહદંશે આપણને નિરાશા જ સાંપડતી રહી છે, સિવાય કે ક્રિકેટ જેવી રમતમાં. જો કે ભારતની મુખ્ય રમત તો હૉકી ગણાય છે. હૉકીમાં ગુમાવેલી નામના પુનઃ અંકે કરવા ભારતીય ખેલાડીઓ આકાશ પાતાળ એક કરી રહ્યા છે ખરા, પણ પરિણામ મળે ત્યારે જ ડંકો તો વાગે. ભારતીય કુસ્તીબાજો, બૉકસરો, વજન ઊંચકનારાઓ અને શૂટરોથી લઈ બેડમિન્ટન ખેલાડીઓ પાસેથી ઊંચી અપેક્ષા રહેતી આવી છે. અત્યાર સુધીમાં ભારતને મળેલા બે મેડલ વેઈટ લિફટિંગ અને બેડમિન્ટનમાં પ્રાપ્ત થયા છે અને બે મહિલાઓ છે. બેઉ અભિનંદનની અધિકારી છે. હૉકીમાં પણ મહિલા ટીમ સારું પ્રદર્શન કરી રહી છે. દેશમાં યુવાધન વિશ્વના કોઈ પણ રાષ્ટ્ર કરતાં વધુ પ્રમાણમાં છે, પરંતુ એને ખીલવવાની કે ખેલવાની મળવી જોઈએ તેવી તક જ નથી મળતી. સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખૂલી છે પરંતુ એમાંથી નામાંકિત સ્પોર્ટ્સ સ્ટાર પાકવા બાકી છે. પૂર્વોત્તર, હરિયાણા વગેર પ્રદેશોમાંથી આપણને સારા ખેલાડીઓ સાંપડતા રહ્યા છે. શારીરિક ક્ષમતા માટે જરૂરી પૌષ્ટિક આહાર, યોગ્ય તાલીમ અને તનાવમુક્ત જીવનશૈલી વિકસાવવી પડે. આર્થિક બેહાલી વચ્ચે પણ આપણને ઉત્તમ પ્રદર્શન કરી શકનારી મહિલા ખેલાડીઓ - વેઈટ લિફ્ટર્સ અને બોકસર્સ મળતી રહી છે. ખેડૂત વર્ગમાંથી કુસ્તીબાજો મળ્યા છે. ગુજરાત એ દૃષ્ટિએ અત્યંત ગરીબ પુરવાર થયું છે. ઓલિમ્પિક રમતોમાં ચીનનું પ્રદર્શન સૌથી શાનદાર રહેતું હોય અને ભારતનું સૌથી નબળાં પૈકીનું એક, તો આ મુદ્દો જરૂર ગંભીર વિચારણા માગી લે છે. કયારેક ભૂખમરો વેઠતું ચીન છેલ્લા પાંચ-સાત દાયકાઓમાં હરણફાણ ભરીને વિશ્વની નંબર-વન સ્પોર્ટસ તાકાત પુરવાર થઈ શક્યું છે. અમેરિકા જેવા સમૃદ્ધ રાષ્ટ્ર કરતાં એ વધુ ગોલ્ડ મેળવી શકે છે. જાપાન અને ઓસ્ટ્રેલિયા પણ શાનદાર પ્રદર્શન કરી શકે છે. આ બધાની વચ્ચે ભારત કેવું ગરીબડું લાગે છે! વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વકક્ષાના નેતા તરીકે પહેલી હરોળમાં બિરાજી શકે છે બલકે એ તો છેક નહેરુના સમયથી ભારતીય નેતૃત્વને સાંપડેલું સન્માન છે; પરંતુ સ્પોર્ટ્સમાં તો ક્યાંક કોઈ ધ્યાનચંદ કે છેલ્લે ચમકેલી બે-ચાર મહિલા ખેલાડીઓ સિવાય ભારત પાસે દુનિયાને બતાવવે જેવું કંઈ જ નથી - સિવાય કે ક્રિકેટ ! ઓલિમ્પિક એ વૈશ્વિક યુવાનીની રમત ક્ષમતાની સ્વીકૃત પારાશીશી છે અને ભારત એમાં છેક તળિયે પડેલું છે. યુનોની સુરક્ષા સમિતિનું સુકાન સંભાળતા રાષ્ટ્ર માટે જરૂર આ અત્યંત ક્ષોભજનક પરિસ્થિતિ ગણાવી જોઈએ. દેશની વર્તમાન નેતાગીરીએ રાજરમત કરતાં રમતગમત તરફ વધુ ધ્યાન આપવાનું જરૂરી છે એવું નથી લાગતું ?

સામેના માણસે મુકેલો વિશ્વાસ યથાર્થ સાબિત કરવો એ જ આપણો ધર્મ છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અરે એ ફિલ્મ તો અદ્‌ભૂત છે જ, પણ એક ડાયલોગ તો બેસ્ટ મોટીવેશનલ મેસેજ લઈને આવે છે, મારા તો રૂંવાડા બેઠા થઈ ગયા....

મારા રેકોર્ડિંગ સેશન દરમિયાન વિરામના સમયમાં દોસ્ત અને રેકોર્ડિસ્ટ સ્વર ફિલ્મ 'મીમી' જોઈ... 'હજુ હું આટલું બોલ્યો ત્યાં તો સ્વરે આ સંવાદ કર્યો.'

ફિલ્મના એ સંવાદમાં અભિનેત્રી કીર્તિ સેનન અભિનેતા પંકજ ત્રિપાઠીને કહે છે, (અહીં શબ્દશઃ ડાયલોક નથી લખ્યો) 'બીજું બધું તો ઠીક, એ ફિરંગી કપલ પણ મને છોડી ગયું, તું કેમ આટલી મુશ્કેલ પરિસ્થિતિમાં મારી સાથે જ રહ્યો ? ત્યારે પંકજ ત્રિપાઠી ભાનુ ડ્રાઈવરના રોલમાં કહે છે.'

'ડ્રાઈવર છું ને મેમ, અમારો ધર્મ હોય છે, રસ્તામાં રસ્તા ખરાબ આવે, કયાંક એકસીડેન્ટ હોય પણ અમારા વાહનમાં બેસેલ મુસાફરને અમે એની નિયત મંઝિલ સુધી ના પહોંચાડીએ ત્યાં સુધી એનો સાથ ના છોડીએ...'

આ હા... હા... વિશ્વભરના તમામ ધર્મની વાત એક ફિલ્મના માધ્યમથી આપણા સુધી પહોંચી છે.

ડ્રાઈવરનો વ્યવસાય હોય કે દરવાનનો, કોર્પોરેટ વિશ્વનો હોય કે કલાકારનો.... આખરે મારે ને તમારે આપણા પર, આપણા કામ પર, આપણા વ્યવસાય પર સામેના માણસે મુકેલો વિશ્વાસ યથાર્થ સાબિત કરવો એ જ આપણો ધર્મ છે એ જ આપણી જવાબદારી છે.

આપણા જીવનના સાવ નાના-નાના પ્રસંગોમાં આપણે આવી જવાબદારી અને વિશ્વાસ બંનેનો અનુભવ કરવા હોઈએ છીએ. ઓફિસમાં કામ કરતા હો કે મંચ પર, ઘરના-પરિવારના સભ્યો સાથે હો કે દોસ્તો સાથે ડગલેને પગલે આપણા કામમાં, આપણા રોલમાં આપણે આ બે ગુણોને ઉજાગર કરવાના છે. અધિકારી જયારે એમ કહે કે 'મેં આને કામ સોંપ્યું પછી હું સુદી જાઉં તોયે કામની ચિંતા નહિ' કે શોનો આયોજક એમ કહે કે 'તમે સ્ટેજ પર આવો પછી અમે તો ઘરે જઈએ તોયે ચાલે.' ત્યારે આ શબ્દોમાં રહેલા વિશ્વાસને વધુ સંવર્ધિત કરવો એ આપણી જવાબદારી બની રહે છે. મોડી રાત્રે કોઈ શૉમાંથી કે ગરબામાંથી સાથે આવેલી છોકરીને એના ઘરે મુકવા જઈએ ત્યારે એના ફલૅટ કે ઘર પાસે કાર કે સ્કૂટરમાંથી ઉતારી દઈએ ત્યાં ફરજ પૂરી થતી નથી, એના પરિવારનો વિશ્વાસ ત્યારે સંપાદિત થાય છે ને દાયકાઓ ટકે છે જયારે એના ઘરની વ્યક્તિ બારણું ખોલેને તમે કહો 'તમારી દીકરી તમારા ઘરે પહોંચી ગઈ છે....'

બહુ નાની નાની વાતોમાં આવી રીતે મારા-તમારા જીવનમાં વિશ્વાસ અને જવાબદારી વણાયેલા હોય છે. કલાકાર તરીકે દેશ-વિદેશ ફરવાનું થાય ને સાવ અજાણ્યા લોકો ગાડી, અરે ગાડી જ કેમ ટ્રેન કે પ્લેન પણ ઉડાવતા હોય ત્યારે એમના પર મુકેલો વિશ્વાસ જ આપણને હાશનો અનુભવ કરાવે છે. આકાશમાં હજારો ફીટ ઉપર ટર્બોલન્સ આવે ત્યારે પણ આપણને ચિંતા નથી થતી કારણ કે પાયલોટની કુશળતા અને જવાબદારી પર આપણો વિશ્વાસ હોય છે.

રોજિંદા જીવનમાં આવા વિશ્વાસ અને જવાબદારીને ઉજાગર કરતા પ્રસંગો આપણી સાથે બને, આપણે અવલોકન કરીએ, કે પછી ફિલ્મના માધ્યમથી પણ આપણી સામે આવે ત્યારે અજવાળા રેલાય છે.

વાલ્મીકિકૃત અને તુલસીકૃત રામાયાણમાં રામ અને સમુદ્રના સંવાદ-પ્રસંગનું વિશ્લેષણ

વિચારયાત્રા

ડો. જય ઓઝા

ગતાંકથી આગળ....

આ પ્રકારે લગભગ ૩-૪ શ્લોકમાં જે વાત વાલ્મીકિ રામાયણમાં કરવામાં આવી છે, તેને લાઘવપૂર્ણ રીતે તુલસીકૃત રામાયણમાં માત્ર એક જ દોહામાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

બિનય ન માનત જલધિ જડ, ગએ તીનિ દિન બીતિ ॥
બોલે રામ સકોપ તબ, ભય બિનુ હોઈ ન પ્રીતિ ॥ ૬૦ ॥

આ તરફ ત્રણ દિવસ વીત્યા છતાં જડ સમુદ્રે વિનય માન્યો નહીં; ત્યારે શ્રીરામ ક્રોધ સહિત બોલ્યા : ભય વિના પ્રીતિ થતી નથી.

વાલ્મીકિ રામાયણમાં શ્લોક છે :

ન દર્શયતિ સામ્ના મે સાગરો રૂપમાત્મનઃ ॥૨૧॥
ચાપમાનય સૌમિત્રે શરાંશ્ચાશીવિષોપમાન્ ।
સમુદ્રં શોષયિષ્યામિ પદ?ભ્યાં યાન્તુ પ્લવઙ્ગમાઃ ॥૨૨।

સુમિત્રાનંદન ! સામનીતિનો આશ્રય લેવાથી આ સમુદ્ર મારી સામે પોતાનું રૂપ પ્રગટ કરતો નથી, તેથી ધનુષ્ય તથા વિષધર સર્પો જેવાં ભયંકર બાણ લઈ આવો. હું સમુદ્રને સુકવી નાખીશ. પછી વાનરસેના ભલે પગપાળા જ લંકામાં જાય.

તો વળી તુલસીકૃત રામાયણમાં ચૌપાઈ છે કે,

લછિમન બાન સરાસન આનૂ, સોષૌં બારિધિ બિસિખિ કૃસાનૂ ॥૧॥

સઠ સન બિનય કુટિલ સન પ્રીતિ, સહજ કૃપન સન સુંદર નીતિ ॥૨॥

મમતા રત સન ગ્યાન કહાની, અતિ લોભી સન બિરતિ બખાની ॥૩॥

ક્રોધિહિ સમ કામિહિ હરિ કથા, ઊસર બીજ બઅં ફલ જાથા ॥૪॥

હે લક્ષમણ ! ધનુષબાણ લાવો. હું અગ્ન્યાસ્ત્રથી સમુદ્રને સૂકવી નાંખું. શઠ સાથે વિનંતી અને કુટિલ સાથે પ્રીતિ, સ્વાભાવિક કંજૂસ સાથે સુંદર નીતિ, મમતામાં આસકતને જ્ઞાનની કથા, અત્યંત લોભી પાસે વૈરાગ્યનું વર્ણન; કામાસક્ત તેમજ ક્રોધી પાસે શ્રીહરિની કથા કહેવી એ બધું જેમ ખારી જમીનમાં બીજ રાખવું એમ નિષ્ફળ તથા વ્યર્થ જાય છે.

એવમુક્ત્વા ધનુષ્પાણિઃ ક્રોધવિસ્ફારિતેક્ષણઃ ।
બભૂવ રામો દુર્ધર્ષો યુગાન્તાગ્નિરિવ જ્વલન્ ॥૨૫॥
તયોવેગઃ સમુદ્રસ્ય સમીનમકરો મહાન્ ।
સ બભૂવ મહાઘોરઃ સમારુતરવસ્તથા ॥૨૮॥

આમ કહીને દુર્ધર્ષ વીર ભગવાન શ્રીરામે હાથમાં ધનુષ્ય લઈ લીધું. તેઓ ક્રોધમાં આંખો ફાડી-ફાડીને જોવા લાગ્યા અને પ્રલયાગ્નિ જેવા પ્રજ્વલિત થઈ ગયા. મત્સ્ય અને મગરો સહિત મહાસાગરના જળનો મહાન વેગ એકાએક અતિ ભયંકર થઈ ગયો. એમાં તોફાનનો ખળભળાટ છવાઈ ગયો.

તુલસીદાસે આ જ વાતને સરળ અવધીમાં આમ જણાવી છે :

અસ કહિ રઘુપતિ ચાપ ચઢાવા, યહ મત લછિમન કે મન ભાવા ॥૫॥

સંધાનેઉ પ્રભુ બિસિખ કરાલા, ઉઠી ઉદધિ ઉર અંતર જ્વાલા ॥૬॥

મકર ઉરગ ઝષ ગન અકુલાને, જરત જંતુ જલનિધિ જબ જાને ॥૭॥

કનક થાર ભરિ મનિ ગન નાના, બિપ્ર રૂપ આયઉ તજિ માન॥૮॥

આમ કહી શ્રીરામે ધનુષ ચઢાવ્યું. લક્ષમણજીને આ ખૂબ ગમ્યું. પ્રભુએ બાણનું સંધાન કર્યું ત્યાં તો સમુદ્રના પેટાળમાં જ્વાળાઓ ઊઠવા લાગી. મગર, સર્પ તથા માછલાંનો સમૂહ વ્યાકુળ થયો. જ્યારે સમુદ્રે જીવોને વળતા જાણ્યા ત્યારે સોનાના થાળમાં અનેક મણિઓ-રત્નો ભરી અભિમાન છોડી તે બ્રાહ્મણના રૂપમાં આવ્યો.

સાગરઃ સમુપક્રમ્ય પુર્વમામન્ત્ર્ય વીર્યવાન્ ॥૨૪॥
અબ્રવીત્ પ્રાઞ્જલિર્વાક્યં રાઘવં શરપાણિનમ્ ॥૨૫॥
પૃથિવી વ્યારાકાશમાપો જ્યોતિશ્ચ રાઘવ ।
સ્વભાવે સૌમ્ય તિષ્ઠન્તિ શાશ્વતં માર્ગમાશ્રિતાઃ ॥૨૬॥

સમુદ્રે પાસે આવીને સૌપ્રથમ ધનુર્ધર શ્રીરામને સંબોધિત કર્યા અને પછી હાથ જોડીને કહ્યું – 'સૌમ્ય રઘુનનંદન ! પૃથ્વી, વાયુ, આકાશ, જળ અને તેજ – એ બધાં હંમેશા પોતાના સ્વભાવમાં સ્થિત રહે છે.પોતાના સનાતન માર્ગને કદી છોડતાં નથી - સદા એને આશ્રિત રહે છે.

સભય સિંધુ ગહિ પદ પ્રભુ કેરે, છમહુ નાથ સબ અવગુન મેરે॥૧॥

ગગન સમીર અનલ જલ ધરની, ઇન્હ કઈ નાથ સહજ જડ કરની ॥૨॥

સમુદ્રએ ભયભીત બનીને પ્રભુના ચરણો પકડી લીધા અને બોલ્યો : " મારા અપરાધ ક્ષમા કરો. વાયુ, અગ્નિ, પૃથ્વી, જળ, આકાશ એ અમારા બધાનો સ્વભાવ જડ હોય છે".

વાલ્મીકિ રામાયણ અને તુલસીકૃત રામાયણમાં સમુદ્ર માટે પ્રયોજાયેલા વિશેષણો :

વાલ્મીકિ રામાયણના યુદ્ધકાણ્ડમાં ૨૧ અને ૨૨માં સર્ગમાં સમુદ્ર માટે આદિકવિવાલ્મીકિએ વિભિન્ન નામોનો પ્રયોગ કર્યો છે. જેવા કે, સાગર, મહોદધિ, સરિતાં પતિમ્, મકરાલયઃ, મહાર્ણવઃ, મહોર્મિમાલાવિતતઃ, સિન્ધુરાજ, વરુણાલયઃ, દાનવાલય, નદીપતિમ્ જેવા વિભિન્ન વિશેષણ સમુદ્ર માટે પ્રયોજાયા છે.

જ્યારે તુલસીકૃત રામાયણમાં સુંદરકાણ્ડમાં સમુદ્ર માટે જલધિ, બારિધિ, ઉદધિ, જલનિધિ, સિંધુ, પયોધિ, પયોનિધિ જેવા વિશેષણો પ્રયોજાયા છે.

ઉપસંહાર :

આમ, સમુદ્રની લાક્ષણિકતા, તેની ભવ્યતા અને તેના દૈવીપણાને દર્શાવવામાં બંને કૃતિકાર સફળ રહ્યા છે. તો સાથે સાથે સમુદ્રના અહંભાવને ઠેકાણે લાવવાના આ પ્રસંગ દ્વારા અહંકારી, અવિનયી વ્યક્તિ સાથે વ્યાવહારિક જગતમાં મનુષ્યએ કેવી રીતે કાર્ય કરવું જોઈએ તેની શીખ પણ આપણને મળે છે. રામ-સેતુના સમુદ્ર પરના નિર્માણનું કથામાં અને આજે વર્તમાન સમયમાં પણ મહત્ત્વ ઘણું છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

જગતને સમુળગુ બદલવા એક નવો આવિષ્કાર દરવાજો ખખડાવતો ઉભો છે

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ધરતી ઉપરના તમામ જીવોમાં ઈશ્વરે મનુષ્યમાં બુદ્ધિનું તત્વ જરા વિશેષ નાખ્યું છે. માનવીની બુદ્ધિના ચમકારાથી સમયાંતરે જગતમાં જબરજસ્ત બદલાવ આવ્યા છે. સમય સાથે બદલાવ આવે એ જરૂરી છે. એમાં પણ ટેકનોલોજીના આવિષ્કાર પછી વિશ્વ અત્યંત ઝડપથી કરવટો લેવા માંડ્યું છે. હજુ દોઢ બે દાયકા પહેલાની જ વાત કરીએ તો સ્માર્ટ ફોન અને એન્ડ્રોઈડ બેઈઝ ટીવી કોને કહેવાય એ કોઈને ખબર સુદ્ધા ન હતી અને આજે સ્માર્ટ ફોન અને એન્ડ્રોઈડ ફ્રેન્ડલી ટીવી આપણા જીવનના અભિન્ન અંગ બની ગયા છે.

કોઈપણ બદલાવ એક ધડાકે ક્યારેય નથી આવતો. દરરોજ થોડા થોડા અનુભવો, સંશોધનો, અમલીકરણ બદલાવને જન્મ આપે છે. પ્રતિદિન થતા થોડા થોડા બદલાવથી સમય જતા પ્રભાવક પરિણામ પ્રાપ્ત થતું હોય છે. જે સમય સાથે બદલાતા નથી સમય મારીમચડીને એને બદલી નાખે છે. અંતે તો બદલાવનો સ્વીકાર કરે જ છૂટકો.

છેલ્લી સદીમાં થયેલી પાંચ શોધે વિશ્વ આખાનો સિનારીયો બદલી નાખ્યો છે. એમાં સૌથી પહેલા ઉલ્લેખ કરવો પડે તબીબી જગત અને ગુનાખોરીની પરિભાષાને અનફોલ્ડ કરતી ડીએનએની શોધનો. જેમ્સ વોટ્સન અને ફ્રાન્સિસ ક્રિકે ડીએનએ ડબલ હેલીક્સ સ્ટ્રકચરને વિશ્વ સમક્ષ મૂકીને જીવ વિજ્ઞાનની નવી દિશાને ઉઘાડ આપ્યો. બીજી સૌથી મોટી ક્રાંતિકારી શોધ ઈન્ટરનેટની કહી શકાય. ઈન્ટરનેટની ટેકનિકલ શોધે માહિતીના આદાન પ્રદાન અને વિવિધ ક્ષેત્રે સંશોધન કાર્યને અત્યંત સરળ બનાવી દીધું. એલેકઝાન્ડર ફ્લેમિંગેની વિશ્વને બદલી નાખતી ત્રીજી મહાન શોધ અન્ટિબાયોટિક્સ પેનેસીલીનની છે. એમઆરઆઈ, રેડિયોગ્રાફી, એક્સ-રે વગેરે ક્ષેત્રે ઉપયોગી મેડિકલ ઈમેજીંગની ચોથી શોધ ક્લિનિકલ વિશ્લેષણ માટે અત્યંત પ્રભાવક પુરવાર થઈ છે. પાંચમી આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની શોધ છે.

પરંતુ આ પાંચ આવિષ્કારો ઉપરાંત એક એવો આવિષ્કાર જગતનો દરવાજો ખખડાવવા તૈયાર ઊભો છે. ક્વાંટમ કમ્પ્યુટિંગના આ આવિષ્કાર આખી દુનિયાને ઝડપથી બદલાવા જઇ રહી છે. આગામી બે અઢી દાયકામાં વિશ્વમાં બહુ મોટો બદલાવ આવી રહ્યો



છે. ક્વાંટમ કમ્પ્યુટિંગથી વૈશ્વિક ક્રાંતિ સર્જાવાની છે.

ક્વાંટમ કમ્પ્યુટિંગ હાલના કોમ્પ્યુટરની જેમ ૦ અને ૧ના બાઈટ્સના સ્થાને ક્યુબાઈટ્સના આધાર ઉપર કામ કરે છે. સાદા શબ્દોમાં કહીએ તો બાઈટ્સની જે ચાલુ બંધ એટલે કે ઓન ઓફ થવાની બાબત ઉપરાંત ક્યુબાઈટ્સ 'સુપરપોઝીશનલ્લમા કામ કરે છે. 'સુપરપોઝીશનલ્લ એટલે એવી સ્થિતિ કે જ્યાં એક જ સમયે ઓન, ઓફ કે બન્નેની વચ્ચેની સ્થિતિમાં પણ કામ કરવાની ક્ષમતા હોવી. આ એક અદભુત પરિમાણ કહેવાય.

ક્યુબાઈટ્સની સુપર પોઝીશન જ ક્વાંટમ ટેકનિકને અત્યંત શક્તિશાળી અને ઝડપી બનાવે છે. સુપર કોમ્પ્યુટરને જે પ્રશ્નોના ઉકેલ મેળવવા માટે લાખો વર્ષો લાગે તેને ક્વાંટમ કમ્પ્યુટિંગ ઘડીના છઠ્ઠા ભાગમાં ઉકેલીને માનવજાતને નવી દિશા આપી શકશે. ક્વાંટમ મિકેનિક્સ દ્વારા ક્વાંટમ કમ્પ્યુટિંગના ક્વાંટમ આઉટપુટની ગણતરી માટે પણ ઉપયોગમાં લઇ શકાય છે. ભૌતિકશાસ્ત્રમાં ક્વાંટમ એ કોઈપણ ભૌતિક સંપત્તિનું સૌથી નાનુ સંભવિત એકમ છે. તે સામાન્ય રીતે ઈલેક્ટ્રોન, ન્યુટ્રોટ અને ફોટોનના અણુઓ અને સબટોમિક પાર્ટીકલ્સના ગુણધર્મો પ્રસ્તુત કરે છે.

ક્વાંટમ કમ્પ્યુટિંગની વર્કીંગ મેથડોલોજી પણ સમજવા જેવી છે. એના એક ભાગમાં ક્યુબાઈટ્સ હોય છે. બીજી બાજુ ક્યુબાઈટ્સમાં સંદેશા સ્થાનાંતરિત કરવાની પદ્ધતિ હોય છે અને ત્રીજુ પરિમાણ પ્રોગ્રામ રન કરવા અને સૂચનાઓ આપવા માટે એક ક્લાસિકલ કોમ્પ્યુટર કામ કરતુ હોય છે.

ક્વાંટમ કમ્પ્યુટિંગથી દવા બનાવતી દુનિયામાં ગજબનુ પરિવર્તન આવશે, સંચાર માધ્યમો અને આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સનીની દુનિયામાં અકલ્પ્ય તહલકો મચી જવાનો છે. આઈબીએમ, માઈક્રોસોફ્ટ અને ગુગલ જેવી કંપનીઓ ક્વાંટમ કમ્પ્યુટર બનાવવા રીતસર આકાશ પાતાળ એક કરી રહ્યા છે. મુળ ભારતીય અને ગુગલ કંપનીના સીઈઓ સુંદર પીચાઈ તો સ્પષ્ટ કહે છે કે, આગામી સમય ક્વાંટમ કંપ્યુટિંગ અને આર્ટિફિશીયલ ઈંટેલિજન્સીનો જ છે. બીઝનેસ અને રૂપિયા દેખાય એટલે લાળ પાડીને દોડતા રહેતા ચીને તો ક્વાંટમ કોમ્પ્યુટરો માટે અબજોનું રોકાણ પણ કરવાનુ શરૂ કરી દીધું છે.

ક્વાંટમ કમ્પ્યુટિંગનુ હોલીવુડની ધમાકેદાર ફિકશન ફિલ્મ એવેન્જર જેવું છે. આ ઉભરતા ક્ષેત્રમાં જબરજસ્ત સંભાવનાઓ પડેલી છે. વર્ષ ૨૦૨૧માં ૪૭૨ મિલિયન યુએસડીથી વધીને વર્ષ ૨૦૨૬માં ૧૭૬૫ મિલિયન યુએસડી થવાનો પ્રાથમિક અંદાજ છે. સાદી ભાષામાં સમજીએ તો ક્વાંટમ કમ્પ્યુટિંગ પ્રતિવર્ષ ૩૦ ટકાના દરે આગળ વધી રહ્યું છે. બેંકિંગ અને ફાઈનાન્સ સેકટરમાં ક્વાંટમ કમ્પ્યુટિંગનો સ્વીકાર નવા સિમાચિહ્ન પ્રાપ્ત કરશે. આગ, વીજળી, ચક્ર, ખીલ્લી, હોકાયંત્ર, ઈન્ટરનેટ, પ્રિન્ટીંગ પ્રેસ, ટેલીફોન, પેનિસિલિન જેવી શોધ બાદ વર્ષો સુધી માનવ જાતને જે ગતિશીલતા મળી હતી તેની સરખામણીમાં ક્વાંટમ કમ્પ્યુટીંગ એક હજાર ગણી ગતિશીલતા આપવા જઇ રહ્યું છે એ નક્કી.

પુનરાવર્તન અને પરિવર્તન સિક્કાની બે બાજુ છે. આ બન્ને બાજુ અત્યંત ઉપયોગી છે. સમય નાજૂક પણ છે અને અત્યંત કઠોર પણ છે. સમય સાથે બદલાવવું જ પડશે, નહીંતર જે સમાજમાં રહીએ છીએ એ સમાજ જ સમુળગો નાશ પામશે અથવા તો આપણે સ્વયં ખૂબ પાછળ છૂટી જઈશુ. પ્રકૃતિના પરિવર્તનના મિજાજને પારખવા